

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*પ્રચારલીલાના પાપ માટે ખૂદ લાંચ આપે છે!*
*સરકારે બનાવેલા કાયદાને આંચ આપે છે -*
*ઉભી છે બોદી સરકાર પ્રચારના પાયા પર -*
*આવા, ફોગટ - ફાલતું - ફિતૂરની જાંચ માગે છે...*

**હાઈકુ**

*કરો મંજૂર !*
*પ્રચારનું બજેટ -*
*ઓફિશિયલ!!*
(રાજકોટ કલેક્ટરે ફૂંક્યો શંખ!)

*આ સરકાર -*
*જશે ઢોલ નગારે -*
*બોદા વિકાસે...*
(મોગલ તગારે - અંગ્રેજો પગારે...અને-)

### ચિંતન

*આપદ્ગતં હસસિ કિંમ દ્રવિણાન્ધ મૂઢ,*
*લક્ષ્મી : સ્થિરાન્ન ભવતીતિ કિમત્ર ચિત્રમ્ ।*
*એતાન્પ્રપશ્યસિ ઘયન્જલયત્રક્ષયકે રિક્તા*
*ભવન્તિ ભરિતા ભરિતાશ્ચ રિક્તા : ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્નાવલી માંથી લેવામાં આવેલ છે.

હે લક્ષ્મીથી આંધળા થયેલ મૂર્ખ માનવી, આપત્તિમાં રહેલા તું શા માટે હસે છે. લક્ષ્મી સ્થિર નથી, તેમાં કોઈ આશ્ચર્ય નથી. જેવી રીતે રેંટમાં રહેલા ઘડાઓ ભરાય છે. અને ઠલવાય છે. તેને તું જુએ છે ને? તેવી રીતે લક્ષ્મી રહે.

લક્ષ્મીજી સ્વભાવે ખૂબ જ ચંચળ છે એ કયાંક સ્થિર રહેતી નથી. ખૂબ જ પુણ્ય અને સંસ્કારની ચીવટ હોય તો જ એક જગ્યાએ રહે છે, પણ મૂર્ખના હાથમાં રહેલી લક્ષ્મી તો તરત તેને છોડીને ચાલી જાય છે. માટે ધન-સંપત્તિનું અભિમાન કરવું ન જોઈએ.

### સુવિચાર

- બદલા હુઆ વક્ત હૈ, જાલિમ જમાના હૈ,
  યહાં મતલબી રિશ્તે હૈ, ફિર ભી નિભાના હૈ - **સુમન જામદાર**
- પરોપકાર અને પરમાત્મા માટે બહુ ઓછા લોકો જીવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જેના જીવનમાં કડવાશ છે તેની ભક્તિ ભગવાનને ગમતી નથી - **રામસંગ ભગત**
- દરેક ઈરાદો ઊર્જાને ગતિ આપે છે - **શ્રીલંકન કહેવત**
- શું પીડા હકીકતે જરૂરી છે ? હા... તમે જ પીડા ભોગવી છે તે ન ભોગવી હોત તો તમારામાં ઊંડાણ, નમ્રતા અને દયા ન આવત - **ડો. ડેનિયલ**
- ન ગમાડવા જેવા લોકો ને ગમાડે છે, ગમાડવા જેવોનો ત્યાગ કરે છે, તે મૂર્ખ છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : તાવ હોય અને હાથપગ ઠંડા લાગતા હોય તો સૂંઠના ચૂર્ણને હળવે હાથે - પગના તળિયે લગાવવાથી રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બગદાદના ખલીફા પાસે ઘણા બધા ગુલામ હતા. એ ગુલામોમાં હાશમ ખલીફાનો ખૂબ ખ્યાલ રાખતો. હાશમ ચહેરે બદસુરત હતો પણ તે ખલીફા પ્રત્યે વફાદાર હતો. અને ખલીપા સૌથી વધુ ભરોસો હાશમ ઉપર રાખતા. એક વાર ખલીફા પોતાના લાવ લશ્કર અને ગુલામો સાથે બાજુના રાજયના ખલીફાને મળવા નીકળ્યો. રસ્તો ખાડા ટેકરા વાળો હતો. ખલીફા ઘોડા પર બેઠો હતો. તેની સાથે સોના-ચાંદીની ઘણી બધી અશર્ફીઓ હતી. ગુલામ હાશમ પણ ખલીફાના ઘોડા સાથે જ ચાલતો હતો. ઘોડાનો પગ ખાડામાં પડતા સમતુલન ગુમાવ્યું અને અશર્ફીઓ બધી માર્ગમાં પડી ગઈ... પણ હું ઘોડા પરથી પડતાં પડતાં બચ્યો અને મારો જીવ બચ્યો છે... એ ખુદાની મોટી મહેરબાની કહેવાય. ખલીફાએ ગુલામો ને કહ્યું, 'તમને સૌને હું છૂટ આપું છું. તમારાથી વીણાય એટલી અશર્ફી લઈ લો.' ખલીફાએ જોયું હાશમ તો હજી પોતાની નજીક જ ઊભો તો. ખલીફાએ કહ્યું, 'જા હાશમ, તું પણ કિમતી અશર્ફી વીણી લે.' હાશમે જવાબમાં કહ્યું, 'હુઝુર મારા માટે તો તમે જ અશર્ફીથી પણ કિમતી છો. મારે અશર્ફી જોઈતી નથી.' હાશમનો જવાબ સાંભળી ખલીફા ખુબ પ્રભાવિત થયો. એ જ ક્ષણે તેણે હાશમને ગુલામીમાંથી મુક્ત કરવાની અને ઘણી બધી દૌલત આપવાની જાહેરાત કરી. હાશમની અનાસક્તિ એ એને એના સાથીદારો કરતાં વધુ ઈજ્જત અને ધનવાન બનાવ્યો.

# રામમંદિર માટે ટ્રસ્ટની રચના : મોટા વિવાદનો અંત

**તંત્રીસ્થાનેથી...**

આખરે અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના કરવાની જાહેરાત થઈ ગઈ છે અને વર્ષોથી ચાલતા એક વિવાદનો સુખદ અંત આવી જશે એવી આશા મજબૂત થઈ ગઈ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ અંગેની જાહેરાત કરતાં આ અભૂતપૂર્વ નિર્ણય લેવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા.

ટ્રસ્ટની રચનાને લઈને લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો પણ આ કારણે અંત આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અયોધ્યાની વિવાદિત ભૂમિ અંગે સુપ્રિમ કૉર્ટે ચુકાદો આપ્યા પછી ટ્રસ્ટ ક્યારે બનશે અને મંદિરનું નિર્માણ ક્યારે થશે એ મતલબના અનેક સવાલો ઉઠી રહ્યા હતા. હવે વડાપ્રધાન દ્વારા ટ્રસ્ટની રચના અંગેની જાહેરાત કરવામાં આવતાં આ સઘળા સવાલોનો અંત આવ્યો હતો. વડાપ્રધાને જાહેર કર્યું છે કે આ ટ્રસ્ટમાં ૧૫ જેટલા ટ્રસ્ટીઓ સમાવવામાં આવશે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ નામના આ ટ્રસ્ટમાં એક ટ્રસ્ટી હંમેશાં દલિત સમાજમાંથી રહેશે.

ટ્રસ્ટની બાકીની વિગતો સમયે જાહેર થશે અને એની રચના અને કાર્યવિધિનો પણ આરંભ થઈ જશે પરંતુ આ નિર્ણયથી દેશને મોટી હાશ થઈ છે એ તો હકીકત છે. ઉલ્લેખનીય છે કે સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ અયોધ્યાની ૬૭.૦૭ એકર જમીન ટ્રસ્ટને ટ્રાન્સફર કરવામાં આવશે, જેમાં અંદર અને બહારનું પ્રાંગણ પણ સામેલ છે. વડાપ્રધાને એવું પણ જાહેર કર્યું છે કે રામલલ્લા વિરાજમાનની જમીન પણ આ ટ્રસ્ટને સોંપવામાં આવશે. અને ટ્રસ્ટ આ સ્થળે એક ભવ્ય રામમંદિરનું નિર્માણ કરશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઈ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરેથોન સુનાવણી બાદ આ મામલામાં આખરે નિવેડો આવ્યો હતો અને હવે ટ્રસ્ટની રચનાની વાત થતાં દેશના માથેથી એક મોટો બોજ જાણે ઉતરી ગયો છે. કારણ કે આવી મોટી સમસ્યાઓ દેશના નાગરિકોને સ્પર્શે છે અને એમાંય ભારત જેવા બિનસાંપ્રદાયિક દેશમાં આવી સમસ્યાઓ નાગરિક-નાગરિક વચ્ચે વૈમનસ્ય વધારે છે.


અલબત્ત, હવે આવી પરિસ્થિતિનું સર્જન આ મુદ્દે નહીં થાય એવી આશા મજબૂત બની છે. કારણ કે સુપ્રિમ કોર્ટે અયોધ્યાની વિવાદિત જમીન બાબતે ચુકાદો આપી દીધા પછી સરકારને સૌથી મોટી ભીતિ એ હતી કે કોમી રમખાણો ફાટી નીકળશે કે દેશમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે તંગદિલી સર્જાશે. પરંતુ એવું કંઈ જ થયું નહીં. સૌએ શાંતિથી આ ચુકાદાને સ્વીકાર્યો અને ગણતરીના રાજકારણીઓ સિવાય કોઈએ ખાસ બયાનબાજી પણ કરી નહીં. દેશના નાગરિકોએ આ ચુકાદો શાંતિથી સ્વીકારી લીધો ત્યારે જ એમણે નિર્દેશ આપી દીધો હતો કે ભારત હવે નવા રસ્તે જઈ રહ્યું છે ને રાજકારણના હથકંડા સમજી પણ રહ્યું છે. હવે રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના થતાં કમ-સે-કમ રામમંદિરના વિવાદનો મુદ્દો પૂર્ણ થયો છે, કોઈ સત્તાભૂખ્યો રાજકારણી નવો મુદ્દો દેશને માથે ના મારે ત્યાં સુધી.

# દે તે દેવ ને રાખે ને રાક્ષસ

**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા



ઈ.સ.૧૮૯૫માં વિનાયકનો જન્મ મહારાષ્ટ્રના ચિત્પાવન બ્રાહ્મણ પરિવારમાં થયો. સંસ્કાર અને ધર્મનો વારસો એને માતા રુકમણિબાઈ અને પિતા નરહરિ પાસેથી મળ્યો. માતાએ એને બાળપણથી જ પાઠ ભણાવ્યો - 'દે તે દેવ ને રાખે તે રાક્ષસ.'



ઈ.સ. ૧૯૧૬માં અમદાવાદના કોચરબમાં વિનાયકનો સંપર્ક મહાત્મા ગાંધી સાથે થયો. આદ્યગુરુ શંકરાચાર્ય મહાત્મા ગાંધી અને સંત જ્ઞાનદેવ - આ ત્રણનો પ્રભાવ એમનાં વ્યક્તિત્વમાં પ્રગટ્યો. મામા સાહેબ ફડકેના આગ્રહથી ગાંધીજીએ આ વિનાયકનું નામકરણ કર્યું - વિનોબા ભાવે, ૧૫ નવેમ્બર, ૧૯૮૨ના દિવસે એમને દેહ મૂક્યો.

ઈ.સ. ૨૦૨૦ શરૂ થઈ છે. એ રીતે સંત વિનોબા ભાવેનું સવાસોમી સુવર્ણ જયંતિનું વર્ષ છે.

વિનોબાને ૫૦ હજાર સંસ્કૃત શ્લોકો કંઠસ્થ હતા.

માતાની ઈચ્છા હતી કે વિનોબા ગીતાનો અનુવાદ કરે અને પોતે એ વાંચે. માતા જીવનકાળમાં તો આ શક્ય ન બન્યું - પણ એના અવસાન પછી મરાઠીમાં એમને 'ગીતાઈ' (= ગીતા માતા)ની રચના કરી.

સ્વાતંત્ર્ય આંદોલનના ભાગરૂપે વિનોબા ચાર વાર જેલમાં ગયેલા. ઈ.સ. ૧૯૩૨ દરમિયાન એ ધુલિયાની જેલમાં હતા. એમની સાથે પ્યારેલાલ, જમનાદાસ બજાજ, અણ્ણા સાહેબ, સાને ગુરુજી, ખંડુભાઈ દેસાઈ, ગુલઝારી લાલ નંદા વગેરે હતા. આ સત્યાગ્રહીઓને 'ગીતાઈ' ની ખબર હતી. એમણે વિનોબાને વિનંતી કરી. આ આગ્રહભરી વિનંતીને માન આપ્યું. વિનોબાએ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૩૨ના રવિવારથી પ્રારંભ કર્યો. દર રવિવારે ગીતાના એક અધ્યાય ઉપર પ્રવચન આપે, આ રીતે અઢાર રવિવારમાં પ્રવચનો પૂરાં થયા.

એ બોલે, એ ઝડપે સાને ગુરુજી લખતા જાય. જાણે કે આધુનિક વ્યાસ - ગણેશનું યુગલ ! જેલ વાસ પૂરો થયો એટલે મરાઠીમાં 'ગીતા પ્રવચનો' પુસ્તક રુપે પ્રગટ થયા. આ પુસ્તકને અતિશય પ્રસિદ્ધિ મળી. માત્ર દેશની પ્રાન્તીય ભાષાઓમાં જ નહિ, વિદેશી ભાષાણાં પણ અનુવાદો થયા. જેમ કે એપ્રિલ ૨૦૦૫માં ગુજરાતી અનુવાદની ચોપનમી આવૃત્તિ થઈ; ત્યારે એની કુલ નકલ ૪ લાખ ૮૩, હજાર હતી. અત્યાર સુધીમાં 'ગીતા પ્રવચનો'ની ૨૬ લાખ નકલ થઈ છે. ઈ.સ. ૧૯૮૨માં આ પુસ્તકને ૫૦ વરસ થયા, એટલે આ પુસ્તકની સુવર્ણ જંયતિની ઉજવણી એને અનુરુપ રહીને થઈ.

આ રીતે આ પુસ્તકમાં અઢાર પ્રવચનોમાં ક્રમશ અઢાર અધ્યાયોનો સારાંશ આપ્યો છે. ભાષા એકદમ સરળ અનુરુપ ઉદાહરણો પણ ઘરેલું જીવનમાંથી ઉઠાવેલા. આરંભમાં 'બે બોલ'માં એમને શ્રધ્ધા વ્યક્ત કરી છે. 'મને પાકો ભરોસો છે કે શું ગામડામાં કે શું શહેરોમાં, સામાન્ય મજૂરી કરી જીવન ગુજારનારા શ્રમજીવીઓને આમાંથી મનનું સમાધાન મળશે. એટલું જ નહીં, એમાંથી તેમને થાક ઉતારવાનું સાધન પણ મળી રહેશે.'

એમનાં કેટલાંક વિધાનો પ્રસ્તુત છે.

(૧) મારું શરીર માના દૂધથી પોષાયુ છે પણ તેથીયે વધુ મારા હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતામાં દૂધથી થયું છે... ગીતા એટલે મારું પ્રાણ તત્ત્વ.

(૨) આખાયે મહાભારત પર પ્રકાશ નાખતાં ઊંચા દીવાની માફક ગીતા તેની વચ્ચોવચ્ચ ઊભી છે.

(૩) સમગ્ર મહાભારતનું નવનીત વ્યાસે ભગવદ્ગીતામાં આપ્યું છે. ગીતા વ્યાસની મુખ્ય શીખ અને તેમનાં મનનનો પૂરેપૂરો સંઘરો છે.

ઈ.સ. ૨૦૨૦નો પ્રારંભ થયો છે, ત્યારે આ સંતમનીષીને - એમની સવાસોમી સુવર્ણ જયંતિએ શ્રદ્ધાવંદન.

# પિંગ-પોંગ રમતને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

**ખજાનો**
અનિલ પટેલ



### રમતજગત

૧ આધુનિક ઓલિમ્પિક રમતોત્સવના પ્રવર્તક પિયર ડી કુર્બતિન કયા દેશના હતા?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) ઈટાલી (ડ) બેલ્જિયમ

૨ ખોખોની રમતને આધુનિક સ્વરુપ આપનાર હનુમાન વ્યાયામ પ્રચારક મંડળ કયા શહેરમાં આવેલું છે ?
(અ) સુરત (બ) રાજકોટ
(ક) અમદાવાદ (ડ) વડોદરા

૩ અખિલ ભારતીય રમત-ગમત કાઉન્સિલના પ્રથમ અધ્યક્ષ કોણ હતું ?
(અ) સુનીલ ગાવસ્કર (બ) ધ્યાનચંદ
(ક) જન.કે.એમ. કરિઅપ્પા (ડ) જશુ પટેલ

૪ સ્પોર્ટસ ઑથોરિટી ઓફ ઈન્ડિયાની સ્થાપના કઈ સાલમાં થઈ ?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૪
(ક) ૧૯૮૮ (ડ) ૧૯૯૦

૫ ટેનિસ ખેલાડી રાફેલ નડાલ કયા દેશનો છે ?
(અ) સ્વિત્ઝર્લેન્ડ (બ) સ્પેન
(ક) ઓસ્ટ્રેલિયા (ડ) નોર્વે

૬ નીચેનામાંથી કયો ટેનિંગ ખેલાડી સ્વિત્ઝર્લેન્ડનો છે ?
(અ) રોજર ફેડરર (બ) એન્ડી મરે
(ક) બોરિસ બેકર (ડ) નોવાક યોકોવિચ

૭ બ્રાઝિલનો જાણીતો ખેલાડી રોલાન્ડો કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ક્રિકેટ (બ) ફૂટબોલ
(ક) ટેનિસ (ડ) વૉલીબોલ

૮ ઓલિમ્પિક રમતોત્સવના મુદ્રાલેખ સાથે કયો શબ્દ સંબંધિત નથી ?
(અ) એચિવ (બ) સાઈટીયસ
(ક) અલ્ટિયસ (ડ) ફોરેટિસ

૯ જાણીતા ફૂટબોલ ખેલાડી મારાડોના કયા દેશનો છે ?
(અ) આર્જેન્ટીના (બ) જર્મની
(ક) બ્રાઝિલ (ડ) મેક્સિકો

૧૦ આઈસીસી ટી-૨૦, ૨૦૧૪માં કયો દેશ વિજેતા બન્યો હતો ?
(અ) ભારત (બ) શ્રીલંકા
(ક) પાકિસ્તાન (ડ) બાંગ્લાદેશ

૧૧ એશિયાડ રમતોત્સવ શરુ કરવાનું શ્રેય ભારતના કયા મહાનુભાવના ફાળે જાય છે ?
(અ) સુરેશ કલમાડી (બ) શરદ પવાર
(ક) પ્રો. બી.ડી. સોઢી (ડ) જનરલ કરિઅપ્પા

૧૨ રશિયન ખેલાડી ગેરી કાસ્પારો કઈ રમતનો ખેલાડી છે ?
(અ) ક્રિકેટ (બ) ફૂટબોલ
(ક) ચેસ (ડ) બિલિયર્ડ

૧૩ ૨૦૧૮માં ફૂટબોલ વિશ્વકપ કયા દેશમાં યોજાયો હતો ?
(અ) ઈંગ્લેન્ડ (બ) રશિયા
(ક) કતાર (ડ) દુબઈ

૧૪ પિંગ-પોંગ રમતને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
(અ) ટેબલ ટેનિસ (બ) લોન ટેનિસ
(ક) ચૅસ (ડ) બિલીયર્ડ

૧૫ ગોલ્ફના ખેલાડી વિજયસિંહ કયા દેશનાં છે?
(અ) મલેશિયા (બ) ફીઝી
(ક) થાઈલેન્ડ (ડ) ઈન્ડોનેશિયા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૭ જાન્યુઆરી :**
  - બ્રિટીશ લેખક ચાર્લ્સ જોન હફેમ ડિકશનનો જન્મદિવસ (૧૮૧૨)
  - બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીના પરાજયનું પ્લાનીંગ થયું હતું (૧૯૪૫)
  - અમેરિકાએ કયુબા પર આયાત-નિકાસનો પ્રતિબંધ મુક્યો (૧૯૬૨)
  - વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના કાવતરામાં માસ્ટર માઈન્ડ રામઝી યોસુફ ઈસ્લામાબાદથી પકડાયો (૧૯૯૫)
- **૮ ફેબ્રુઆરી :**
  - સાહિત્યકાર ક.મા. મુનશીનું નિધન (૧૯૭૧)
  - બ્રિટનના જહોન રસ્કીનની જન્મજયંતિ (૧૮૧૯)
  - ગઝલ સમ્રાટ જગજીતસિંહનો જન્મદિવસ (૧૯૪૧)
  - ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસૈનની જન્મજયંતિ (૧૮૯૭)
- **૯ ફેબ્રુઆરી :**
  - ગુજરાતના પ્રાચીન ભક્ત કવિ દયારામનું નિધન (૧૮૫૨)
  - વિશ્વના સૌથી મોટા હવાઈ જહાજ બોઈંગનું ૭૪૭નું પ્રથમ પરીક્ષણ કરાયું (૧૯૬૯)
  - બ્રિટનની રાજકુમારી માર્ગારેટનું નિધન (૨૦૦૨)
  - બોલીવુડની ફૅમસ અભિનેત્રી ઉદિયા ગોસ્વામીનો જન્મદિવસ (૧૯૮૪)
- **૧૦ ફેબ્રુઆરી :**
  - જર્મન નાટ્યકાર બર્ટોલ બેષ્નનો જન્મદિવસ (૧૮૯૮)
  - મદ્રાસ સરકારના વિવિધ વિભાગોમાં મૂકસેવક તરીકે દેશસેવા કરનાર ગોપાલ સ્વામી આયંગરનું નિધન (૧૯૫૩)
  - અંગ્રેજોએ અમદાવાદની આજુબાજુ ઘેરો ઘાલી પડાવ નાખ્યો (૧૭૮૦)
  - જે આર ડી ટાટા પાયલટનું લાયસન્સ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા (૧૯૨૯)
- **૧૧ ફેબ્રુઆરી :**
  - સ્વાતંત્ર્ય સેનાની જમનાલાલ બજાજનું નિધન (૧૯૪૨)
  - ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહમદનું નિધન (૧૯૭૭)
  - જાણીતા ઈતિહાસકાર રોમેશચંદ્ર મજમુદારનું નિધન (૧૯૮૦)
  - અભિનેત્રી શર્લીન ચોપડાનો જન્મદિવસ (૧૯૮૪)
- **૧૨ ફબ્રુઆરી : સર્વોદય દન / ઉત્પાદકતા દિન**
  - કુમાર સામાયિકના લેખક દેશલજી પરમારનું નિધન (૧૯૬૬)
  - ગુજરાતમાં પ્રથમ સ્પેશિયલ ટ્રેન સુરતથી મુંબઈ ચાલું થઈ (૧૮૬૭)
  - પેનિશિલીનની શોધ બાદ દવા તરીકે પ્રથમ પ્રયોગ થયો (૧૯૪૧)
  - યાશર અરાફત પેલેસ્ટાઈનના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા (૧૯૯૬)
- **૧૩ ફેબ્રુઆરી :**
  - સાહિત્યકાર મોહમ્મદ માંકડનો જન્મદિવસ (૧૯૨૮)
  - જગન્નાથ મંદિરમાં હરિજનોને પ્રવેશ અપાયો (૧૯૪૭)
  - ભારતના પ્રભાવશાળી ટેનિસ ખેલાડી સીમદેવ કેશોન દેવ બર્મનનો જન્મદિવસ(૧૯૮૫)
  - અભિનેતા વિનોદા મહેરાનો જન્મદિવસ (૧૯૪૫)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ભારતીય મૂળની અવકાશયાત્રી કલ્પના ચાવડાનું નિધન કયા સ્પેશ શટલમાં થયું હતું ? જવાબ : કોલંબીયા**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ.સા. કૉલેજ (૪) પંકડ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**


**કિરણ બેદી કયા રાજયના ગર્વનર છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# સંત રોહિદાસજીની જન્મજયંતિ

**પ્રસંગસર**
ડો. ધીરુભાઈ જી ડોડિયા



'માનવીએ પોતાની તરફ પીઠ કરી દીધી, એ જ એનું દુર્ભાગ્ય છે. રોહિદાસજીની યાદ દેવડાવે છે... વળો, પોતાની તરફ વળો, મન એ જ પૂજા છે, મન એ જ ધૂપ! છોડો મંદિર, દેવળ, ગુરુદ્વારા, તે બધા જ માનવીએ બનાવ્યા છે. પોતાની ભીતરના ચૈતન્યમાં શોધો એને, કારણે કે પરમાત્મામાંથી તે આવ્યું છે, તે છે, એક જ પ્રકાશનું કિરણ, જે એ પરમ સૂર્ય સુધી લઈ જઈ શકશે, કારણ કે તે એ પરમ સૂર્યમાંથી આવે છે, તે સેતુ છે.'

**વળો, પોતાની તરફ વળો, મન એ જ પૂજા છે, મન એ જ ધૂપ**

ભારતનું આકાશ સંત તારાઓથી ભર્યું ભર્યું છે. અગણિત-અગણિત તારા છે, તોય જયોતિ બધાની એક છે. સંત રોહિતાદાસજીએ બધા જ તારકામાં ધ્રુવ તારા છે. એટલા માટે કે અધૂત ઘરમાં જન્મ થયો હોવા છતાંય કાશીના પંડિતોએ તેમનો મજબૂરીથી સ્વીકાર કરવો પડ્યો. બ્રાહ્મઓએ પોતાના શાસ્ત્રોમાં મહાવીરનો ઉલ્લેખ ન કર્યો. બુદ્ધનાં મુળિયા કાપી નાંખ્યા અને તેમના વિચારોને ઉખાડી ફેંકી દીધા. પરંતુ રોહિતાદાસજીની વાત કંઈક અનોખી છે, રોહિતાદાસજીને ન તો ઉખાડી શક્યા પરંતુ તેમનું સ્વાગત કરવું પડ્યું.

રોહિદાસજી કબીરના ગુરુભાઈ. રોહિદાસજી અને કબીર બંને એક જ સંત રામાનંદના શિષ્ય છે. રામાનંદ ગંગોત્રી છે, જેમાંથી કબીર અને રોહિદાસજીની ધારાઓ વહી છે. રોહિદાસજીના ગુરુ છું - રામાનંદ જેવી અદ્ભૂત વ્યક્તિ અને રોહિદાસજીની શિષ્યા છે - મીરાં જેવી અદ્ભૂત નારી ! આ બેઉ વચ્ચે રોહિદાસજીની ચમક અનોખી છે. રામાનંદને લોકો ભૂલી ગયા હોત જો રોહિદાસજીના અને કબીર ન હોત! રોહિદાસજી અને કબીરને કારણે રામાનંદને યાદકરવામાં આવે છે!

જેમ ફળથી વૃક્ષ ઓળખાય છે, તેમ શિષ્યોથી ગુરુની પરખ થાય છે. રોહિદાસજીનું કદાચ એક પણ વચન બદ્ધન હોય અને ફક્ત મીરાનું આકથન બચી જાત : 'ગુરુ મિલ્યા રોહિદાસજી' તો પૂરતું હતું. કારણ કે જેને મીરા ગુરું કહે, તે કોઈ એવા-તેવાને ગુરુ ન કહી દે. જયાં પરમાત્મા બિલકુલ સાકાર ન થાય ત્યાં સુધી મીરાં કોઈને ગુરુ ન કહી દે. કબીરને મીરાએ ગુરુ ન કહ્યાં, રોહિદાસજીને ગુરુ કહ્યા. એટલા માટે જ સંતો જે ભર્યા આકાશમાં રોહિદાસજીને હું ધ્રુવતારા કહું છું. એમના વચનોને સમજવાની કોશિશ કરજો.

રોહિદાસજીએ માટે પણ સ્મરણિય છે, કે રોહિદાસજીએ જ કહ્યું છે, જે બુદ્ધે કહ્યું છે, પરંતુ બુદ્ધની ભાષા જ્ઞાનની ભાષા છે, જયારે રોહિદાસજીની ભાષા ભક્તની ભાષા છે, પ્રેમની ભાષા છે, કદાચ એટલે જ બુદ્ધને ઉખાડી શક્યા, પરંતુ રોહિદાસજીને ન ઉખાડી શક્યા. જેના મૂળને પ્રેમથી સિંચ્યા હોય તેને ઉખાડવા અસંભવ છે. બુદ્ધની સાથે તર્ક કરી શક્યા, બુદ્ધની સાથે વિવાદ કરી શક્યા, રોહિદાસજીની સાથે તર્ક નથી થઈ શકતો, વિવાદ નથી થઈ શકતો. રોહિદાસજીને જોશો તો કાં તો તે દેખાશે તો નમી પડશો, નહીં દેખાય તો પાછા જશો. પ્રેમની સામે ઝૂક્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી, કારણ કે પ્રેમ પરમાત્માનું પ્રગટીકરણ છે, અવતરણ છે.

રોહિદાસજી ચમાર છે. જેવી રીતે કોઈ કહન અંતઃસ્તલમાં બુદ્ધ અત્યારે પણ ગુંજી રહ્યા છે! એ જ આગ. પરંતુ રોહિદાસજી એ આગને આગ ન બનાવી દીધી, એ આગને રોશની બનાવી દીધી. આગ પ્રજાળી પણ શકે છે, અને પ્રકાશ પણ આપી શકે છે. બુદ્ધના વચન અંગારા જેવા છે, એને પચાવવા માટે મોટું સાહસ જોઈએ, અંગારાને પચાવવા છે, તો સાહસ તો હોવું જ જોઈએ.

રોહિદાસજીના વચન ફૂલો છે. પચાવી જાણશો તો ખબર પડશે કે આગ લાગી ગઈ. આગના ફૂલ છે. આગની ફૂલઝડિયા છે! જોવામાં ફૂલ લાગે છે. આ બુદ્ધનો સ્વીકાર ન થઈ શકયો, પરંતુ રોહિદાસજીને તો હિન્દુઓએ 'સંત શિરોમણિ' કહ્યા છે.